# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/13 Dt. 20/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર અને જીએસટી અપિલેટ ટ્રિબ્યુનલના સંયુક્ત ઉપક્રમે GSTAT Appeal Filing & Procedure Awareness Program Understanding of Appeals before the GST Appellate Tribunal' વિશે સેમિનાર યોજાયો

## છેલ્લા 12 દિવસ દરમિયાન જ SGCCI દ્વારા GST સંબંધિત અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર રાજ્ય તથા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે – ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

## જીએસટીની અમલવારી જુલાઈ વર્ષ ૨૦૧૭ થી થઇ હતી. વર્ષ ૨૦૧૭માં જીએસટીનું કલેક્શન ૯૦, ૦૦૦ કરોડથી શરૂ થયું. જે મે-૨૦૨૬ સુધી ૧, ૯૪,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે - GSTAT ના ઉપ પ્રમુખ જી.એમ.પટેલ

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને જીએસટી અપિલેટ ટ્રિબ્યુનલના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે, તા.૧૯ જૂન ૨૦૨૬ ના રોજ સાંજે ૦૪:૪૫ કલાકે ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે 'GSTAT Appeal Filing & Procedure Awareness Program Understanding of Appeals before the GST Appellate Tribunal' વિશે સેમિનાર યોજાયો હતો. જેમાં સ્ટેકહોલ્ડર, ઉદ્યોગ સાહસિકો, એડવોકેટ્સ, સી.એ. અને ટેક્સપેયર્સને જીએસટી અપીલ ફાઈલ કરવાની પ્રક્રિયા વિશે માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, GST વ્યવસ્થામાં ન્યાયિક પ્રક્રિયાના મહત્વના સ્તંભ તરીકે Goods and Services Tax Appellate

Tribunal (GSTAT) કાર્યરત બની રહ્યું છે. વેપાર અને ઉદ્યોગ જગત માટે GSTAT કરદાતાઓને ન્યાય મેળવવા માટેનો એક મહત્વપૂર્ણ મંચ સાબિત થશે તેવો મને વિશ્વાસ છે.

SGCCI હંમેશા ઉદ્યોગ, વેપાર અને કરદાતાઓના હિતોના રક્ષણ માટે કાર્યરત રહ્યું છે. માત્ર છેલ્લા 12 દિવસ દરમિયાન જ SGCCI દ્વારા GST સંબંધિત અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર કેન્દ્ર તથા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે GSTAT સમક્ષ બીજી અપીલ માટે સમયમર્યાદામાં રાહત, એડજ્યુડિકેશન ઓર્ડર્સ અંગ્રેજીમાં જારી કરવાની માંગ, GST વહીવટમાં Artificial Intelligenceના જવાબદાર ઉપયોગ અંગે સૂચનો, કલમ 107 હેઠળ અપીલની મર્યાદા અંગે સ્પષ્ટતા, GST Credit Lapse મુદ્દે સૌહાર્દપૂર્ણ ઉકેલ, "મેરા GST – મેરા ગુજરાત" જેવી પ્રોત્સાહક યોજના તેમજ B.Com અભ્યાસક્રમમાં GSTના વ્યવહારુ શિક્ષણનો સમાવેશ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે.

GSTAT ના ઉપ પ્રમુખ શ્રી જી. એમ. પટેલે જણાવ્યું હતું કે, 'જીએસટીની અમલવારી જુલાઇ વર્ષ ૨૦૧૭ થી થઇ હતી. વર્ષ ૨૦૧૭માં જીએસટીનું કલેક્શન ૯૦, ૦૦૦ કરોડથી શરૂ થયું. જે મે-૨૦૨૬ સુધી ૧, ૯૪,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. જ્યારે રેવન્યુ ગ્રોથ ઓફ ઇનકમમાં વધારો થતો હોય, ત્યારે તેની સાથે-સાથે સ્ટેકહોલ્ડર, ઇન્ડસ્ટ્રીઝ અને ટેક્સપેયર્સ પ્રશ્નો વધુ હોય, સમસ્યા વધુ હોય તે સામાન્ય વાત છે.' તેમણે GSTAT અપીલિંગમાં શક્ય બને એટલી ઓછી ડિફેક્ટ આપવાના પ્રયત્ન છે તેમ જણાવ્યું હતું.

GSTAT ના સભ્ય શ્રી આર. જી. હદવાનીએ તેમના કાર્ય વિશે માહિતી આપી હતી. તેમજ તેમણે અપીલ કરતી વખતે અપીલકર્તાએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ઓર્ડર ઈન અપીલ (ઓરિજીનલ અપીલ), ગ્રાઉન્ડસ ઓફ અપીલ, સ્ટેટમેન્ટ ઓફ ફેકટસ, વકીલાતનામું, કન્ટેન્ટ ઓફ અપીલ ફોર્મ સમજીને બનાવવો તેમજ પ્રિ-ડિપોઝિટ અથવા ફીની ચૂકવણી કરવી. ફેકટસ ઉપર જ કેસ સ્ટ્રોંગ બને છે. ફેકટસ એ જ પ્રોસિજરનો કરોડરજ્જુ હોય છે. જીએસટી ટ્રિબ્યુનલ માટે લાસ્ટ એપિલેટ ફોરમ હોય.'

GSTAT ના સભ્ય શ્રી સંજય દ્વિવેદીએ જણાવ્યું હતું કે, અપીલમાં સફળતા મેળવવા માટે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું. જેમ કે, 'એસસીએન મળવાની સાથે જ જવાબ તૈયાર રાખવો, બધા દસ્તાવેજો ક્રમબધ્ધ રાખવા, દરેક ગ્રાઉન્ડ અપીલને કાયદાકીય આધાર આપવો, સંબંધિત નોટિફિકેશન્સ, સર્ક્યુલર્સ અને કેસ લોનો ઉલ્લેખ કરવો.'

શ્રી અજય સુહાગે સ્ક્રૂનિટી, કોર્ટ ફી, પ્રિ-ઓર્ડર ફી તેમજ GSTAT ના વિવિધ કેસો અંગે પ્રેઝન્ટેશન થકી વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ચેમ્બરના માનદ્ સેક્રેટરી શ્રી પરેશ લાઠિયા, વિવિધ ઇન્ડસ્ટ્રીઝના ઉદ્યોગ સાહસિકો અને કરદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની જીએસટી કમિટીના એડવાઇઝર શ્રી હેમંત દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તેમજ કમિટીના કો-ચેરમેન શ્રી રોહન દેસાઇએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. અંતે, કાર્યક્રમના વક્તાશ્રીઓએ ઉપસ્થિતોને મૂંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે સર્વેનો આભાર વ્યક્ત કરી, કાર્યક્રમનું સમાપન કર્યું હતું.